માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણે
ગાવે હાલો હાલો હાલરવાં નાં ગીત
સોના -રૂપા ને વળી રત્ને જડિયું પારણું
રેશમ દોરી ઘૂઘરી વાગે છુમ છુમ રીત
હાલો હાલો હાલો હાલો મારા નંદ ને............૧

| | | |
|---|---|---|
| ૧ | પ્રભુ વીર ના માતાનું નામ જણાવો | ૩ |
| ૨ | ચારિત્ર જીવન નું એક ઉપકરણ લખો. | ૨ |
| ૩ | સમવસરણ નો બીજો ગઢ શેનો બનેલો હોય ? | ૨ |
| ૪ | ભાદરવા સુદ-૫ ના દિને તપસ્વી ઓ ને શું આવે ? | ૪ |
| ૫ | શત્રુંજય તીર્થની એક ધર્મશાળાનું નામ કહો ? | ૨ |
| ૬ | પ્રભુ રૂષભ દેવે પ્રથમ મોક્ષની ભેટ કોને આપી ? | ૨ |
| ૭ | શ્રી શ્રેયાંસનાથ ભગવાને પ્રથમ પારણું કોના ઘરે કર્યું હતું ? | ૨ |
| ૮ | વિશ્વમાં સૌથી શ્રેષ્ઠ સ્થાન કોનું છે ? | ૨ |
| ૯ | રામ સીતા ના સાસુ ના શું થાય ? | ૨ |
| ૧૦ | કયા વરખથી પ્રભુ વીરને આંગી કરવાથી અનંત કર્મ નો ક્ષય થાય ? | ૨ |

જિનજી પાસ પ્રભુ થી વરસ અઢીસેં અંતરે,
હોંશે ચોવિસમાં તીર્થંકર જિન પરિમાણ,
કેશી સ્વામી મુખથી એવી વાણી સાંભળી,
સાચી સાચી હુઇ તે મારે અમૃત વાણ.........,હાલો.........૨

| | | |
|---|---|---|
| ૧૧ | પરદેશી રાજા એ કોનું સામૈયુ ખૂબ આડંબર પૂર્વક કર્યું હતું ? | ૪ |
| ૧૨ | પ્રભુવીર તથા પ્રભુ પાર્શ્વ વચ્ચે કેટલા વર્ષનું અંતર છે ? | ૩ |
| ૧૩ | તારે તે ? | ૨ |
| ૧૪ | સવિ જીવ કરૂં શાસન રસીની ભાવના ભાવે તે શું બને ? | ૪ |
| ૧૫ | પરમાત્મા માટે વપરાતું એક પ્રકારનું વિશેષણ જણાવો. | ૨ |
| ૧૬ | પાંચસો ધનુષ લાંબા સિંહાસન પર કોનો જન્મ અભિષેક થાય ? | ૨ |
| ૧૭ | કોનું મંદિર મોહનું મારણ છે ? | ૨ |
| ૧૮ | પ્રભુના જન્મકલ્યાણક સમયે કેટલા દેવો અભિષેક કરે ? | ૩ |
| ૧૯ | .......... પદ એ સિધ્ધશીલાનું પર્યાયી નામ છે ? | ૩ |
| ૨૦ | ધ્રાણેન્દ્રિય ના કેટલાં વિકારો બતાવ્યા છે ? | ૩ |

ચૌદે સ્વપ્ન હોવે ચક્રી કે જિનરાજ,
વિત્યા બારે ચક્રી નહી હવે ચક્રી રાજ,
જિનજી પાસ પ્રભુના શ્રીકેશી ગણધાર,
તેહને વચને જાણયા ચોવીસમા જિનરાજ.........હાલો............ ૩

૨૧ સિધ્ધાચલથી બાહુબલીજી ના કેટલા પુત્રો સિધ્ધશિલા ગયા છે ?
૨૨ છપ્પન માંથી એક દિક્ કુમારી નું નામ જણાવો. ૧
૨૩ સ્ત્રીલીંગ થી કઇ લબ્ધિ પ્રાપ્ત ન થઇ શકે ? ૪
૨૪ અભ્યંતર પરિગ્રહ કેટલા પ્રકાર ના છે ? ૨
૨૫ મહાલક્ષ્મી માતા નું પર્યાયી નામ જણાવો ? ૧
૨૬ લક્ષ્મણ ના પુત્ર નું નામ કહો ? ૩
૨૭ શ્રી ચન્દ્રપ્રભ સ્વામી ભગવાન નો ત્રીજો ભવ કયો હતો ? ૨
૨૮ મોક્ષદ્વાર નું ઉદ્‌ઘાટન કરનાર અધિકારી કોણ છે ? ૪
૨૯ ભાષા કેટલા પ્રકારની છે ? ૨
૩૦ પોતાના આત્મા ની શુધ્ધિ માટે કોના દર્શન જરૂરી છે ? ૨

મારી કૂખે આવ્યા તરણતારણ જહાજ,
મારી કૂખે આવ્યા ત્રણ ભુવન શિરતાજ,
મારી કૂખે આવ્યા સંઘ તીરથની લાજ,
હું તો પુણય પનોતી ઇંદ્રાણી થઇ આજ............હાલો............૪

૩૧ વીસ સ્થાનકમાં વીસમું પદ કયુ આવે ? ૩
૩૨ નવતત્વમાંથી એક તત્વ નું નામ જણાવો ? ૨
૩૩ અશોક વૃક્ષની ઉંચાઇ કેટલા ગાઉની હોય ? ૨
૩૪ વર્તમાન કાળે જેની પચ્ચીસમાં તીર્થંકર તરીકે ગણના થાય છે તે કોણ ? ૨
૩૫ પરમાત્માનું જીનાલય મોક્ષ પ્રાપ્તી માટે શેના સમાન છે ? ૩
૩૬ ઉપાધ્ધાય શ્રી વિનયવિજયજી મ.સા.એ એકજ રાત્રીમાં કેટલા
હજાર શ્લોક કંઠસ્થ કર્યા હતા ? ૨
૩૭ ............ યાત્રા એ શ્રાવકનું વાર્ષિકનું કર્તવ્ય છે ? ૪
૩૮ પ્રભુના જન્મકલ્યાણક સમયે ૨૫૦ માંથી ૪૬ અભિષેક કોણ કરે ? ૩
૩૯ અંગ પૂજા કેટલી છે ? ૨
૪૦ પ્રભુની નવાંગી પૂજામાં પાચમું સ્થાન જાણાવો . ૨

મુજને દોહલો ઉપન્યો બેસુ ગજ અંબાડીએ,
સિંહાસન પર બેસુ ચામરછત્ર ધરાય,
એ સહુ લક્ષણ મુજને નંદન તાહરા તેજનાં,
તે દિન સંભારૂ ને આનંદ અંગ ન માય.......... હાલો............૫

૪૧ શ્રી શ્રેયાંસનાથ પ્રભુને મળીને તીર્થંકર નામકર્મ બાંધનાર એ પુણ્યાત્માનું નામ કહો. ૨

૪૨ શ્રી અજીતનાથ ભગવાનનું લંછન જણાવો. ૨

૪૩ કયા શ્રાવકને પાંચસો યોજન સુધીનું અવધીજ્ઞાન પ્રાપ્ત થયું હતું ? ૩

૪૪ મરૂદેવા માતા કેવલજ્ઞાન પામ્યા તે સ્થાન જણાવો. ૬

૪૫ કાદંબરી ના જંગલમાં શ્રી પાર્શ્વપ્રભુના દર્શનથી કોને જાતીસ્મરણ જ્ઞાન પ્રાપ્ત થયું હતું ? ૨

૪૬ પ્રભુ વીરે તીર્થંકર નામ કર્મ કોના ભવમાં ઉપાર્જન કર્યું હતું ? ૩

૪૭ મેરૂ પર્વતપર આવેલા એક વનનું નામ જણાવો. ૩

૪૮ ચક્રવર્તિ માટે આયુધ શાળામાં ઉત્પન્ન થતા એક રત્ન નું નામ જણાવો. ૨

૪૯ બારકોડ ધનના માલિક એક શ્રેષ્ઠ શ્રાવકનું નામ કહો ? ૩

૫૦ કુમારપાળ રાજા કયા પાપના પ્રાયશ્ચીત રૂપે એકાસણું કરતાં હતાં ? ૨

કરતલ પગતલ લક્ષણ એક હજારને આઠ છે,
તેહથી નિશ્ચય જાણયા જિનવર શ્રી જગદીશ,
નંદન જમણી જાંઘે લંછન સિંહ બિરાજતો,
મેં તો પહેલે સપને દીઠો વીશવાવીશ..................હાલો..............૬

૫૧ શ્રેણીક રાજા ના એક પુત્ર નું નામ લખો. ૨

૫૨ કાર્તિક શેઠે કેટલાની સાથે દિક્ષા લીધી હતી ? ૮

૫૩ સનતકુમાર ઇન્દ્ર એ રચેલું સમવસ્રણ કેટલા મહિના સુધી રહી શકે ? ૨

૫૪ ચક્રવર્તિના રત્નો કેટલા યક્ષો થી અધિષ્ઠીત હોય ? ૫

૫૫ કાયાના બાર દોષ માંથી એક દોષ શરીરના કયા અંગથી લાગે ? ૨

૫૬ સિધ્ધગતિમાં જઘન્ય વિરહ કેટલા સમય નો પડે છે ? ૨

૫૭ પરમાત્માનું એક પ્રકારનું વિશેષણ જણાવો. ૫

૫૮ સિધ્ધ પ્રભુને આઠ કર્મ નો ક્ષય થવાથી કેટલા ગુણની પ્રાપ્તી થાય ? ૨

૫૯ અયોધ્યા નગરીમાં રૂષભકુમારના મહેલમાં કેટલીબારી હતી ? ૮

૬૦ ''ગૌતમ કુલક'' ગ્રંથની કેટલી ગાથાઓ રહેલી છે ? ૨

નંદન નવલા બંધવ નંદિવર્ધનનાં તમે,
નંદન ભોજાઇઓનાં દિયર છો સુકુમાલ,
હસશે ભોજાઇઓ કહી દિયર મારા લાડકા,
હસશે રમશે ને વળી ચૂંટી ખણશે ગાલ,
હસશે રમશે ને વળી ઠૂંસા દેશે ગાલ.............હાલો...............૭

૬૧ શ્રી અરનાથ પ્રભુના સમયમાં થયેલ એક બળદેવનું નામ જણાવો. ૩

૬૨ કર્મ આત્મા સાથે જોડાય તેવું એક તત્વ કયું ? ૨

૬૩ જીતશત્રુ રાજાના ભત્રીજાનું નામ કહો ? નંદિવર્ધન ૫

૬૪ અનાગત કાળના એક વાસુદેવનું નામ લખો. ૨

૬૫ શીશુનાગ વંશના નવમાંથી એક નંદ નું નામ શું છે ? ૫

૬૬ શ્રી વાસુપૂજય પ્રભુ ને મળી ને તીર્થંકર નામ કર્મ બાંધનાર એક પુણ્યાત્મા ? ૩

૬૭ કર્મરોગથી મુકત કરાવનાર એક સર્જન ડોક્ટર કોણ હોય ? ૨

૬૮ જેમાં પાંચ જ્ઞાનનું વર્ણન આવેછે તેવા સૂત્ર રૂપી એક ગ્રંથનું નામ કહો ? ૨

૬૯ તીર્થંકર ને લાગે નહીં તેવા એક દોષ નું નામ જણાવો ? ૩

૭૦ શત્રુંજય તીર્થ ઉપર તેજપાલ સોનીએ બંધાવેલ એક પ્રાસાદ નું નામ શું છે ? નંદિવર્ધન ૫

નંદન નવલા ચેડા રાજાના ભાણેજ છો,
નંદન નવલા પાંચ સે મામીના ભાણેજ છો,
નંદન મામલિયોનાં ભાણેજા સુકુમાલ ,
હસશે હાથે ઉછાળી કહીને નાના ભાણેજા,
આંખો આંજીને વળી ટપકું કરશે ગાલ........હાલો.........૮

૭૧ ભરત મહારાજાએ પોતાના કેટલા પુત્રને દિક્ષા અપાવી હતી ? ૩
૭૨ ૬૫ હજાર વર્ષ નું આયુષ્ય કયા બળદેવ ને હતું ? ૩
૭૩ યશોમતી રાણીના પુત્રનું નામ જણાવો ? ૪
૭૪ રાજીયા વાજીયા એ ખંભાતમાં કેટલા જિનાલય બંધાવ્યા હતા ? ૨
૭૫ રાણકપુર તીર્થના જિનાલયની પ્રતિષ્ઠા સમયે કેટલા
ઉપાધ્યાય ભગવંતો ની નીશ્રા હતી ? ૨
૭૬ પૃથ્વીરાણી વર્ધમાન ના શું થાય ? ૨
૭૭ વસ્તુપલ મંત્રી દરરોજ કેટલા સાધુ ભગવંતની ભક્તિ
કરતા હતા ? ૩
૭૮ નકારાત્મક એક શબ્દ જણાવો . ૧
૭૯ કયા આરાના અંતમાં અગ્નિ નો વરસાદ થશે ? ૨
૮૦ પ્રભુવીરે ચૌમાશી તપ કેટલી વખત કર્યા હતા ? ૨

નંદન મામા-મામી લાવશે ટોપી આંગલા,
રતને જડિયાં ઝાલર મોતી કસબી કોર,
નીલા પીળાંને વળી રાતા સર્વે જાતિનાં,
પહેરાવશે મામી માહરા નંદ કિશોર ..............હાલો.................૯

૮૧ આ કાળના પ્રથમ વાસુદેવ નો વર્ણ કેવો હતો ? ૨
૮૨ શ્રી ઋષભ દેવ પ્રભુના એક પુત્રનું નામ જણાવો ? ૨
૮૩ પરમાત્માને વધાવવા માટે વપરાતું એક પ્રકારનું દ્રવ્ય ? ૨
૮૪ પૂ.ધર્મઘોષ સૂરીજીના આગમનના સમાચાર આપનાર માધવને
પેથડશા મંત્રીએ શેના બત્રીસ દાંત ભેટ આપ્યા હતા ? ૩
૮૫ દિવો બળે એટલે કોનું ઘર ? ૨
૮૬ પવનકુમાર દેવનાં દેહ નો વર્ણ કેવો હોય ? ૨
૮૭ કંસ શ્રી કૃષ્ણનાં શું થાય ? ૨
૮૮ પાંચસૌ યોજન નાં વિસ્તાર વાળા એક વનનું નામ જણાવો. ૩
૮૯ આચાર્ય પદ નો વર્ણ કયો છે ? ૨
૯૦ જામફળ શેના કારણે ખવાય નહીં ? ૧

નંદન મામા-મામી સુખલડી બહુ લાવશે,
નંદન ગજવે ભરસેં લાડુ મોતી ચૂર,
નંદન મુખડાં જોઇને લેશે મામી ભામણાં,
નંદન મામી કહેશે જીવો સુખ ભરપૂર.........હાલો...............૧૦

૯૧ માછલીના મુખમાં શેની ઉત્પતી થાય ? ૨
૯૨ શ્રી માણિભદ્ર વીર દેવને અર્પણ કરાતું એક પ્રકારનું નૈવધ જણાવો ? ૪
૯૩ ચંદ્‌ની ઉપમા આપી શકાય તેવું શરીરનું એક અંગ જણાવો. ૨
૯૪ પ્રથમ સંબંધથી યશોદા જમાલીના શું થાય ? ૨
૯૫ ચોમાસામાં નદી માં શું આવે ? ૨
૯૬ પક્ખી પ્રતિક્મણ કેટલા સમયે આવે ? ૨
૯૭ પહેલા આરાના જીવોને એકાંત શું હોય ? ૨
૯૮ પાર્શ્વ યક્ષ ને ધરાવાતું એક પ્રકાર નું નૈવધ કહો ૨
૯૯ એકેન્દ્રીય જીવને શું અલભ્ય હોય ? ૨
૧૦૦ માતા કરતાં પણ વધુ પ્રેમ કોણ આપે ? ૨

નંદન નવલાં ચેડા મામાની સાતે સતી,
મારી ભત્રીજીને બેન તમારી નંદ,
તે પણ ગજવે ભરવા લાખણ સાઇ લાવશે,
તમને જોઇ જોઇ હોંશે અધિકો પરમાનંદ.......હાલો......૧૧

૧૦૧ વૈશાલી નગરીના રાજાનું નામ જણાવો. ૨
૧૦૨ ૫૦૦ ધનુષની અવગાહનાવાળા એકસમયમાં કેટલા જીવ સિધ્ધ થાય ? ૧
૧૦૩ ભદ્રેશ્વર તીર્થનો કેટલામો ઉધ્ધાર જગડુશા શેઠે કરાવ્યો હતો ? ૨
૧૦૪ સમુદ્ર ધાતના કેટલા પ્રકાર છે ? ૨
૧૦૫ પ્રિયદર્શના પ્રથમ સંબંધે સુદર્શનાને શું થાય ? ૩
૧૦૬ શ્રેણિક રાજાના પરિવારમાંથી કેટલા આત્મા તિર્થંકર બનશે ? ૧
૧૦૭ પ્રભુવીરની કેટલામી પાટપરંપરાએ શ્રી પ્રભવસ્વામી થયાં હતા ? ૨
૧૦૮ ભરૂચના જિનદાસ શ્રાવકને જમાડવાથી કેટલા સાધર્મિકોની ભકિતનો લાભ મળતો ? ૨
૧૦૯ આચારંગ સૂત્ર ના પહેલાં શ્રુતસ્કંધમાં કેટલાં અધ્યન રહેલાંછે ? ૨
૧૧૦ સમકિતના કારણે અભયકુમાર સુલસાને શું કહીને બોલાવતા હતાં ? ૨

રમવા કાજે લાવશે લાખટકાનો ઘૂઘરો,
વળી સૂડા મેના પોપટને ગજરાજ,
સારસ, હંસ,કોયલ,તીતરને વળી મોરજી,
મામી લાવશે રમવા નંદ તમારે કાજ........હાલો.............૧૨

૧૧૧ અક્ષત પૂજા કરતાં કોણ સદ્ગતિ પામ્યું હતું ? ૫
૧૧૨ ૧૮ માંથી એક પ્રકાર ની લીપીનું નામ જણાવો. ૨
૧૧૩ લીંબુ ઉછાળી ને નીચે પડે તેટલા સમયમાં કલીકાલ સર્વજ્ઞ
શ્રીહેમચન્દ્રાચાર્યજી કેટલા શ્લોકની રચના કરતાં હતા ? ૨
૧૧૪ અપ્રતિષ્ઠાન નરકાવાસ કેટલા યોજન લાંબો છે ? ૨
૧૧૫ શંખ રાજા નો પૂર્વભવ કયો હતો ? ૩
૧૧૬ શ્રી અજીતનાથ ભગવાનની છત્રછાયા કોણ છે ? ૩
૧૧૭ ભારંડ પક્ષી કોને ઉંચકીને ઉડી શકે છે ? ૪
૧૧૮ ખેચરના ભવમાં સ્ત્રી એટલે કોણ ? ૨
૧૧૯ વડીલોને અપાતો એક માન વાચક શબ્દ કહો ? ૧
૧૨૦ સાપ કરતાં ૫૦૦ ગણું બળ કોનું હોય ? ૨

છપ્પન કુમરી અમરી જળ કળશે નવરાવિયા,
નંદન તમને અમને કેલી ઘરની માંહી,
ફુલની વૃષ્ટિ કીધી યોજન એકને માંડલે,
બહુ ચિરંજીવો આશિષ દીધી તુમને ત્યાંહી.........હાલો........૧૩

૧૨૧ શ્રેણીક રાજાના પરિવારમાં કુલ કેટલી દીક્ષા થઇ હતી ? ૩
૧૨૨ અષ્ટપ્રાતિહાર્યમાંથી એક પ્રાતિહાર્યનું નામ જણાવો. ૫
૧૨૩ સતર પ્રકારી પૂજામાં આવતી એક પૂજાનું નામ કહો ? ૨
૧૨૪ મનુષ્યને કેટલા દંડક હોય ? ૨
૧૨૫ પાલનપુર નગરનાં જિનાલય માં રોજ કેટલા મણ
ચોખા આવતાં ? ૩
૧૨૬ અષ્ટમંગલ માંથી એક મંગલ નું નામ કહો. ૨
૧૨૭ રસોઇમાં વપરાતા એક પ્રકારના ગરમ મસાલા નુ નામ જણાવો ૨
૧૨૮ ક્ષાયિક સમકિત કેટલી વખત પ્રાપ્ત થઇ શકે ? ૨
૧૨૯ ગિરનાર તીર્થની પૂજા કરવા માટે પેથડશા મંત્રીએ કેટલી
ઘડી સોનું વાપર્યું હતુ ? ૩
૧૩૦ માછલી માટે ગતિ સહાયક કોણ હોઇ શકે ? ૨

તમને મેરૂગિરિ પર સુરપતિ એ નવરાવિયા,
નીરખી નીરખી હરખે સુકૃત લાભ કમાય,
મુખડા ઉપર વારુ કોટિ કોટિ ચંદ્રમા ,
વળી તન પર વારુ ગ્રહ ગણનો સમુદાય ........હાલો..........૧૪

૧૩૧ પરમાત્માના જન્મ કલ્યાણક સમયે આવતા એક પ્રકારના ઇન્દ્ર ? ૨
૧૩૨ અભવી જીવને કયો ભવ પ્રાપ્ત ન થાય ?
૧૩૩ શેનો મદ કરવાથી બળદનો ભવ મળે ? ૪
૧૩૪ નિત્ય રાહુ વચ્ચે આવવાથી શેનું ગ્રહણ થાય ? ૨
૧૩૫ પરમાત્માના કલ્યાણક સમયે ધુમપ્રભા નરકમાં શેના જેવું અજવાળું થાય ? ૨
૧૩૬ ત્રિપુષ્ઠ વાસુદેવે કેટલી શીલાને ડાબા હાથે ઉંચકીને પોતાના મસ્તક પર છત્ર રૂપે મૂકેલી ? ૨
૧૩૭ કયા કેવલી નું નામ ૮૦૦ ચોવિસી સુધી અમર રહેશે ? ૨
૧૩૮ બ્રહમચર્યની કેટલી ગુપ્તી છે ? ૨
૧૩૯ ઘણા આચાર્યોના સમુહને શું કહે થાય ? ૨
૧૪૦ સમભુતલાથી ૯૦૦ યોજને કોના વિમાનો આવેલાં છે ? ૨
૨

નંદન નવલા ભણવા નિશાળે પણ મૂકશું,
ગજ પર અંબાડી બેસાડી મોટે સાજ,
પસલી ભરશું શ્રીફળ ફોફળ નાગરવેલશું,
સુખલડી લેશું નિશાળીયાને કાજ............હાલો.............૧૫

૧૪૧ ફાગણ ચોમાસામાં જેનો કાળ ૨૦ દિવસ નો હોય તેવી એક મિઠાઇ ? ૪
૧૪૨ પૂર્વ ભવના ઉપકારના કારણે નંદિષેણ મુનિએ કોને શાંત કર્યા હતા ? ૨
૧૪૩ ............પદ એ ગિરનાર તીર્થની એક ટુંક છે. ૨
૧૪૪ શરીરમાં થતો એક પ્રકાર નો રોગ જણાવો. ૨
૧૪૫ ભકિતની અભિવ્યકિત પ્રગટ કરવા માટે વપરાતું એક પ્રકારનું દ્રવ્ય કહો ? ૬
૧૪૬ એક પ્રકારની સેનાનું નામ જણાવો ? ૨
૧૪૭ લોકાંતિક દેવો ના કેટલા પ્રકાર છે ? ૨
૧૪૮ છઠ્ઠી નરકે કોણ ન જઇ શકે ? ૨
૧૪૯ શકડાલ મંત્રી કયા રાજાના રાજયમાં હતાં ? ૨
૧૫૦ તીર્થંકર ના વિચરણ સમયે દેવો કેટલા સુવર્ણ કમળની રચના કરે ? ૨

નંદન નવલા મોટા થાશો ને પરણાવશું,
વહુવર સરખી જોડી લાવશું રાજકુમાર,
સરખા વેવાઇ વેવાણોને પધરાવશું,
વર વહુ પોંખી લેશું જોઇ જોઇને દેદાર......હાલો........૧૬

| | | |
|---|---|---|
| ૧૫૧ | દર્શનાવરણીય કર્મની ઉતર પ્રકૃતિ કેટલી છે ? | ૨ |
| ૧૫૨ | લગ્નમંડપમાં મુખ્યબે પાત્ર કયાં હોય ? | ૪ |
| ૧૫૩ | એક ચિંતક પુરૂષ નુ નામ જણાવો. | ૨ |
| ૧૫૪ | સિધ્ધાર્થ રાજા અને સમરવીર વચ્ચે શું સંબંધ હતો ? | ૩ |
| ૧૫૫ | સમૂચ્છિમ પંચેન્દ્રીય જીવને કેટલા પ્રાણ હોય ? | ૨ |
| ૧૫૬ | મૂળશ્રી શ્રીકૃષ્ણના શું થાય ? | ૨ |
| ૧૫૭ | વર્ધમાન ક્ષત્રીયકુંડ ના શું હતાં ? | ૫ |
| ૧૫૮ | પ્રભુવીર નો એક એવો ભવકે જેમાં ૧૧,૮૦,૬૪૫ માસક્ષમણ કર્યા હતાં ? | ૩ |
| ૧૫૯ | પ્રસન્નચન્દ્ર રાજાએ શેનો ત્યાગકરી સંયમગ્રહણ કર્યું હતુ ? | ૨ |
| ૧૬૦ | શ્રી વીર પ્રભુ એ ચૌમાસીતપ કેટલી વખત કર્યો હતો ? | ૨ |

પિયર સાસર મારા બેઉ પખ નંદન ઉજલા,
મારી કૂખે આવ્યા તાત પનોતા નંદ,
મારે આંગણ વૃઠયા અમૃત દૂધે મહુલા ,
મારે આંગણ ફળિયા સુરતરૂ સુખના કંદ.......હાલો..........૧૭

| | | |
|---|---|---|
| ૧૬૧ | ક્ષીરવર સમુદ્રનું પાણી કેવું હોય ? | ૨ |
| ૧૬૨ | દરેકની અલગ-અલગ હોય તે શું ? | ૩ |
| ૧૬૩ | ......... પદ એ સિધ્ધશિલાનું પર્યાયીનામ છે | ૩ |
| ૧૬૪ | પુણ્યતત્વ ના કારણે જીવને શેની પ્રાપ્તી થાય ? | ૨ |
| ૧૬૫ | ચહેરાના અર્થમાં રહેલા એક શહેર નું નામ જણાવો. | ૩ |
| ૧૬૬ | પિતાજીનો પર્યાયી શબ્દ જણાવો. | ૨ |
| ૧૬૭ | તીર્થંકરના માંસ લોહી શેના જેવા હોય ? | ૨ |
| ૧૬૮ | જીવ સૌથી વધુ નિર્જરા શેનાથી કરી શકે ? | ૨ |
| ૧૬૯ | પ્રભુવીરના ખભે રહેલા દેવદુષ્ય વસ્ત્રનો રંગ કેવો હતો ? | ૩ |
| ૧૭૦ | પરમાત્માની વાણી શેના જેવી ગંભીર હોય ? | ૩ |

ઇણિ પેરે ગાયું માતા ત્રિશલા સૂતનું પારણું.
જે કોઇ ગાશે લેશે પુત્ર તણા સામ્રાજ,
બીલીમોરા નગરે વર્ણવ્યું વીરનું હાલરૂં,
જય જય મંગલ હોજો 'દ્વિપવિજય' કવિરાજ........હાલો..........૧૮

૧૭૧ હાલરડું ની રચના થઇ તે નગરનું નામ જણાવો. ૪
૧૭૨ હાલરડું ના રચનાકારને કયું બિરૂદ આપવામાં આવ્યું છે ? ૪
૧૭૩ હાલરડું ના રચનાકાર નું નામ જણાવો ? ૫
૧૭૪ આ અવસર્પિણીના એક ચક્રવર્તિનું નામ જણાવો ? ૨
૧૭૫ ૫૮ વર્ષનું આયુષ્ય કોનું હતું ? ૫
૧૭૬ ત્યાગી ને તપ ગમે તો ભોગી ને શું ગમે ? ૩
૧૭૭ દેખાય પણ અડાય નહીં તે શું ? ૨
૧૭૮ જેવી સામે જમાઇ એ દુકાન માંડી હતી તે કોણ ? ૨
૧૭૯ એક ભદ્દીક આત્મા તે કોણ ? ૨
૧૮૦ .....................સુંદરી એ શ્રીપાલ રાજાની એક પત્નિનું નામ છે. ૨

## ગિરનાર ની ગોદમાં

ગિરનારતીર્થ વિશે અલગ અલગ રાઉન્ડમાં ક્વિઝ સ્પર્ધા, મુંબઇ થી ગિરનાર મહાતીર્થની ભાવયાત્રાની સાથે સાથે ગિરનાર તીર્થ વંદનાવલી - શ્રી નેમિનાથ વંદનાવલી - ચૈત્યવંદન - સ્તવન-થોય થી ભરપૂર આ પુસ્તક ટુંક સમયમાંજ પ્રકાશીત થશે.
આપે જલ્દીથી આ પુસ્તક મેળવવુંજ રહયું